


દેડકો અને અજનબી

મેક્સ



દેડકો અને અજનબી

મેક્સ

ગુજરાતી : સુધીર જે.





એક દિવસ, એક અજનબી આવ્યો અને જંગલ ના કિનારે એણે એનો તંબુ લગાવ્યો. એક સુવરે એને સૌથી પહેલા શોધ્યો.



"શું તમે એને જોયો?" સુવરે બતક અને દેડકા ને મુલાકાત બાદ ઉત્સાહિત થઈ ને પૂછ્યું.

"ના, એ જોવામાં કેવો છે?" બતકે પૂછ્યું.

"મારા મત પ્રમાણે એ એક ગંદા મેલા ઉંદર જેવો દેખાય છે," સુવરે કહ્યું.

"એ અહીં કેમ આવ્યો?"

"આપણે ઉંદર થી સાવધાન રહેવું જોઈયે," બતકે કહ્યું. "એ પાક્કા ચોર હોય છે."




"એ તમે કેવી રીતે જાણો છો?" દેડકાએ પૂછ્યું.

"બધા જાણે છે," બતકે ગુસ્સા થી કહ્યું.

પણ દેડકો આ બાબત માં એટલો નિશ્ચિત ન હતો. એ પોતે જોવા માગતો હતો. એ રાતે, જયારે અંધારું થઈ ગયું, તો એણે દૂર થી એક લાલ ચમક જોઈ. દેડકો એની પાસે ગયો.



જંગલ ના કિનારે એણે થોડા વાંસ ના ચોકઠાં પર કપડાં લપેટેલો એક તંબુ જોયો.



એ અજનબી આગ પર એક વાસણ માં ખાવાનું બનાવી રહ્યો હતો. એક સરસ સુગંધ આવી રહી હતી. દેડકા ને ત્યાં બધું બહુ હૂંફાળું લાગ્યું.

"મેં એને જોયો," બીજે દિવસે દેડકાએ જણાવ્યું.

"અને?" સુવરે પૂછ્યું.

"એ એક સારો સાથી લાગે છે," દેડકાએ કહ્યું.



"એનાથી સાવધાન રહેજે!" સુવરે કહ્યું. "યાદ રાખજે એ એક ગંદો ઉંદર છે!"

"હું શરત લગાવું છું કે એ એક દિવસ કંઈ કામ કર્યા વગર આપણા બધાનું ભોજન ખાઈ જશે," બતકે કહ્યું. "ઉંદર, ગંદા અને આળસી હોય છે."



પણ આ સાચું ન હતું. ઉંદર હંમેશા વ્યસ્ત રહેતો હતો. એણે લાકડા ભેગા કર્યા અને ખૂબ કુશળતા થી એક મેજ અને બેન્ચ બનાવ્યા. એ ગંદો પણ ન હતો. એ ઘણી વાર નદી માં નહાતો હતો, જોકે એ થોડો બેડોળ જરૂર લાગતો હતો.



એક દિવસ, દેડકા એ ઉંદર ને મળવાનો ફેંસલો કર્યો. ઉંદર સૂર્યતાપ માં એની નવી બેન્ચ પર આરામ કરતો હતો. "હેલો," દેડકા એ કહ્યું. "હું દેડકો છું." "મને ખબર છે," ઉંદરે કહ્યું."હું જોઈ શકું છું. હું બેવકૂફ નથી. હું વાંચી શકું છું અને લખી શકું છું અને હું ત્રણ ભાષા બોલી શકું છું - અંગ્રેજી, ફ્રેન્ચ અને જર્મન."

દેડકો ઉંદર થી બહુ પ્રભાવિત થયો.

સસલું પણ એવું નહોતું કરી શકતું.



ત્યાં સુવર પણ ત્યાં આવી પહોંચ્યો.

"તું ક્યાંથી આવ્યો છે?" એણે ઉંદર ને ગુસ્સા થી પૂછ્યું.

"દરેક જગ્યા અને ક્યાંય થી પણ નહીં," ઉંદરે શાંતિ થી જવાબ આપ્યો.

"ઠીક છે, તું તારે ઘરે પાછો જ," સુવરે ઊંચા અવાજ માં કહ્યું. "અહીં તારું કોઈ કામ નથી."

ઉંદર એકદમ શાંત રહ્યો.

"મેં પૂરી દુનિયા ની યાત્રા કરી છે," ઉંદરે કહ્યું. "અહીં ઘણી શાંતિ છે અને નદી પાસે એક સુંદર દ્રશ્ય છે. મને આ સ્થાન પસંદ છે."



"મને લાગે છે કે તે અમારા લાકડા ચોર્યા છે," સુવરે કહ્યું.

"મેં એને ભેગા કર્યા છે," ઉંદરે એક સભ્ય અવાજ માં કહ્યું. "આ લાકડાઓ બધાના છે."

"ગંદો ઉંદર!" સુવર બડબડયો.

"હા, હા," ઉંદરે દુઃખી થઈ ને કહ્યું. "બધી મારી જ ભૂલ છે. ઉંદરો ને હંમેશા બધી વાત માટે દોષી માનવામાં આવે છે."



દેડકો, સુવર અને બતક, સસલા ને મળવા ગયા.

"એ ગંદા ઉંદર ને એ સ્થાન છોડવું પડશે," સુવરે કહ્યું.

"ત્યાં રહેવાનો એને કોઈ અધિકાર નથી. એ આપણા લાકડા ચોરે છે અને સાથે અસંસ્કારી રીતે વર્તે છે," બતકે કહ્યું.

"શાંત, શાંત," સસલા એ કહ્યું. "એ આપણા થી દેખાવ માં અલગ હોઈ શકે છે, પણ એ કંઈ ખોટું નથી કરી રહ્યો, અને લાકડા તો બધાના છે."





એ દિવસ થી, દેડકો નિયમિત રૂપ થી ઉંદર ને મળવા જવા લાગ્યો. તેઓ બેન્ચ પર ખભા થી ખભા મિલાવી બેસતા અને સુંદર દ્રશ્ય નો આનંદ લેતા હતા. ઉંદર, દેડકા ને દુનિયા ભર ના એના કારસ્તાનો ની વાર્તા સંભળાવતો હતો, કેમકે એણે તમામ દેશો ની યાત્રા કરી હતી અને એણે ઘણા રોમાંચક અનુભવો કર્યા હતા.

સુવરે દેડકા ને ઠપકો આપ્યો.

"તારે એ ગંદા ઉંદર ના ઘર ના ચક્કર ન લગાવવા જોઈયે," એણે કહ્યું.

"કેમ નહીં?" દેડકા એ પૂછ્યું.

"કેમકે એ આપણાથી અલગ છે," બતકે કહ્યું.

"અલગ," દેડકા એ કહ્યું, "પણ આપણે બધા પણ એક-બીજા થી અલગ છીયે."

"નહીં," બતકે કહ્યું. "આપણે એક-બીજા સાથે છીયે. ઉંદર અહીં નો નથી."



પછી એક દિવસ, સુવરે ખાવાનું બનાવતા લાપરવાહી વર્તી. કઢાઈ માં થી આગ ની લપટો ઉપર ઉઠી. જલ્દી આગ ફેલાઈ ગઈ અને આગ ની લપટો થી એનું ઘર સળગવા લાગ્યું.



સુવર ગભરાઈ ને બહાર ભાગ્યો. "બચાવો! બચાવો!" એણે બૂમ પાડી.

પણ ઉંદર ત્યાં પહેલે થી જ હાજર હતો. એ નદી માંથી પાણી ની બાલ્દી ભરી-ભરી ને લાવ્યો અને આગ બુઝાઈ ત્યાં સુધી લપટો થી લડતો રહ્યો.





સુવર ના ઘર ની છત પૂરી રીતે નષ્ટ થઈ ગઈ. બધા જાનવર આ સદમા થી દુઃખી હતા. હવે સુવર બેઘર હતો. પણ એને ચિંતિત થવાની જરૂર ન હતી. બીજે દિવસે, ઉંદર હથોડી અને ખીલ્લી લઈને આવ્યો. એણે ફટાફટ ઘર ના છત ની મરમ્મત કરી દીધી!



એક દિવસ સસલું થોડું પાણી લાવવા નદી પર ગયું. અચાનક એ લપસી પડયું અને ઊંડા પાણી માં પડી ગયું. સસલા ને તરતા નહોતું આવડતું. "બચાવો! બચાવો!" સસલા એ જોરથી બૂમ પાડી.

ઉંદરે સૌથી પહેલા સસલા ની બૂમ સાંભળી અને અને એણે સીધા પાણી માં ડૂબકી મારી. જલ્દી એણે સસલા ને બચાવ્યું અને એને સુરક્ષિત, સૂકા કિનારા પર લઈ આવ્યો.





હવે બધા સહમત હતા કે ઉંદર ત્યાં રહી શકે. ઉંદર બહુ આનંદી અને ખુશખુશાલ હતો અને જો કોઈ ને મદદ ની જરૂર પડતી તો એ હંમેશા હાજર હતો.

ઉંદર ઘણી વાર મજેદાર વસ્તુઓ વિષે વિચારતો હતો - એ નદી ના કિનારે પિકનિક આયોજિત કરતો અને બાકી જાનવરો ને જંગલ ની સફર કરવા લઈ જતો હતો.



પણ એક દિવસ જયારે દેડકો એના મિત્ર ઉંદર ને મળવા ગયો તો એને એની આંખો પર વિશ્વાસ ન થયો. ઉંદર નો તંબુ જમીન ઉપર લપેટાઈ ને પડયો હતો અને ઉંદર એના ખભાથેલા સાથે ત્યાં ઉભો હતો.




સાંજે ઉંદર તેઓ ને ચીન ના ડ્રેગન ની રોમાંચક વાર્તા સંભળાવતો હતો. એણે એમને દુનિયા વિષે ઘણી અન્ય રોચક વાતો બતાવી. એ એક બહુ ખુશહાલ સમય હતો અને એની પાસે બતાવવા માટે હંમેશા નવા-નવા કિસ્સા હતા.

"શું તું જઈ રહ્યો છે?" આશ્ચર્ય થી દેડકા એ પૂછ્યું.

"હા, હવે આગળ ની યાત્રા નો સમય આવી ગયો છે," ઉંદરે કહ્યું. "હું અમેરિકા જઈ રહ્યો છું કેમકે એ દેશ મેં પહેલા ક્યારેય નથી જોયો."

એ સાંભળી બિચારો દેડકો સ્તબ્ધ થઈ ગયો.


એ પછી એ ગાંડો, પણ સાચા દિલવાળો, મદદગાર અને ચતુર ઉંદર ત્યાં થી ચાલ્યો ગયો. એના મિત્રો ત્યાં સુધી હાથ હલાવતા રહ્યા જ્યાં સુધી એ પહાડી ની પાછળ ઓઝલ ન થઈ ગયો. "અમે એને હંમેશા યાદ કરશું," સસલા એ નિસાસો નાખતા કહ્યું.



આંખો માં આંસુઓ સાથે, દેડકા, બતક, સસલા અને સુવરે એમના મિત્ર ઉંદર ને વિદાય આપી. "કદાચ હું એક દિવસ પાછો આવીશ," ઉંદરે ખુશી થી કહ્યું. "પછી હું નદી ઉપર એક પુલ નું નિર્માણ કરીશ."

હા, ઉંદર એની પાછળ એક ખાલીપો છોડી ગયો હતો. પણ એણે બનાવેલી બેન્ચ હજી ત્યાં જ હતી અને એના ચારે મિત્રો ઘણી વાર એની ઉપર એક સાથે બેસી એમના પ્યારા મિત્ર ઉંદર ને યાદ કરતા હતા.

સમાપ્ત





જયારે એક અજનબી જંગલ માં આવે છે, તો દેડકા ના મિત્રો એની ઉપર શક કરે છે. એમને લાગે છે કે ઉંદર ગંદો અને ચોર હશે. પણ દેડકા ને આ વાત પર પૂરી ખાતરી ન હતી. એ પોતે તપાસ કરવાનો ફેંસલો કરે છે અને ઉંદર સાથે દોસ્તી કરે છે. પણ પછી ઉંદર ઘણા સંકટ માં બીજા ને બચાવે છે. અંત માં બધા ને અહેસાસ થાય છે કે અલગ દેખાવાવાળું જાનવર પણ બહુ સારું અને નેક હોઈ શકે છે!

મેક્સ એક નાયાબ કલાકાર છે, જેના પુસ્તકો કોમળ હાસ્ય સાથે મહત્વપૂર્ણ વિષયો ને રજૂ કરે છે.